 **ક્રિમીનલ અપીલ નંબર– ૨૩૫/૨૦૨૫**

**<u>મે. મહેસાણના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રીનાઓની કોર્ટમાં,</u>**

**<u>મુ. વિસનગર</u>**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

**અરજદાર:–** બલોચ અનવરખાન સરદારખાન

ઉ. આ. વ. ૫૮, ધંધો– મજૂરી, રહે. એકતાનગર સોસાયટી, ખેરાલુ, તા. ખેરાલુ, જી. મહેસાણા.

(મહેસાણા જીલ્લા જેલ)

**વિરુદ્ધ**

**સામાવાળા:– ૧.** બારોટ અશોકકુમાર મનુભાઈ

ઉ. આ. વ. ૫૦, ધંધો– વેપાર, રહે. મોટો બારોટવાસ, ખેરાલુ, તા. ખેરાલુ, જિ. મહેસાણા.

**૨.** ધી સ્ટેટ ઓફ ગુજરાત (સામા. નં. ૨ નો સમન્સ/નોટીસ મુખ્ય સરકારી વકીલશ્રીની ઓફિસમાં બજાવવો)

**<u>ઠરાવ</u>**

(1) સદર કામે આજરોજ પક્ષકારો તરફેની વિનંતી આધારે સમાધાન માટે રાષ્ટ્રીય લોક અદાલતમાં રજુ રાખેલ છે.

(2) આ કામના અરજદાર/આરોપીની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર વિરુધ્ધ સામાવાળાએ **ખેરાલુના મે. એડીશનલ ચીફ જ્યુ. મેજી. શ્રી. આર. વી. સોની સાહેબશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૬૭૮/૨૦૨૪** થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ અને તે ફરીયાદ **ખેરાલુના મે. એડીશનલ ચીફ જ્યુ. મેજી. શ્રી. આર. વી. સોની સાહેબશ્રીની કોર્ટમાં** ચાલી જતા અરજદારને તકસીરવાન ઠરાવી **૧૨(બાર) માસ**ની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂપીયા– **૨,૧૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ દસ હજાર)** પુરા તા. ૧૮/૧૧/૨૦૨૪ થી (ચેક રિટર્ન તારીખ) વાર્ષિક ૯% વ્યાજ

સહીત (રકમ ચુકવતતા સુધી)ની રકમ વળતર તરીકે ફરીયાદીને હુકમ થયેથી ૨(બે) માસમાં ચૂકવી આપવાનો હુકમ કરેલ અને જો આ વળતરની રકમ આરોપી ફરીયાદીને ન ચુકવે તો આરોપીએ વધુ **૨(બે) માસ**ની સાદી કેદની સજાનો હુકમ તારીખ **– ૧૩/૦૮/૨૦૨૫** ના રોજ **આંક– ૨૨** થી કરેલ છે. જે હુકમથી નારાજ થઈ અરજદારે **બી. એન. એસ. એસ. ની કલમ ૪૧૫** મુજબ હાલની અપીલ દાખલ કરેલ છે.

**(3)** સદર કામે અરજદાર/મુળ આરોપી તથા સામાવાળા/મુળ ફરીયાદી તરફે **આંક–૧૬** થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સમાધાન પુરસીસ અત્રેની કોર્ટે દામોદર એસ. પ્રભુ ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ ડાયરેકશનનું પાલન કરવાની રેકર્ડ કરેલ છે. વધુમાં અરજદારે/મુળ આરોપીએ એવુ જાહેર કરેલ છે કે, અમો પક્ષકારો વચ્ચે ઘરમેળે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને સામાવાળા/મુળ ફરીયાદીને ચેક મુજબની પુરેપુરી રકમ મળી ગયેલ છે જેથી હાલની અપીલ તેઓ આગળ ચલાવવા માંગતા નથી.

**(4)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો મુખ્ય હેતુ આરોપીને સજા કરવાનો નહી, પરંતુ ચેક રીર્ટન થવાના કારણે ચેકના ધારણકર્તાને આર્થિક નુકશાન સહન કરવું ના પડે તે પણ છે. હાલની અપીલના કામે રજુ થયેલ સમાધાન પુરસીસ ધ્યાને લેતા મુળ ફરીયાદીને નામદાર ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ ચેકની તમામ રકમ વળતર સ્વરૂપે મળી ગયેલ છે તે જોતા ચેક પરત ફરવાને કારણે ફરીયાદીને જે આર્થિક નુકશાન થયેલ છે તે રકમ અરજદાર/આરોપી પાસેથી વળતર સ્વરૂપે મળી ગયેલ છે.

**(5)** નામદાર સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરુધ્ધ પ્રતિક જૈન અને બીજા ના કેસના ચુકાદામાં પણ એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને ફરીયાદીને ચેકની રકમ મળી ગયેલ હોય ત્યારે ખાસ સંજોગોમાં અને કેસની હકીકત ધ્યાને લઈને કોસ્ટની રકમ કોર્ટે ઘટાડવી જોઈએ કે ના પણ લેવી જોઈએ.

**(6)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કામે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ધ્યાને લેતા આરોપી સામે થયેલ સજાનો

હુકમ રદ કરી ન્યાયના હીતમાં આંક–૧ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**1.** અરજદાર/આરોપી એ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–**૪૧૫** અન્વયે કરેલી પ્રસ્તુત અપીલ, પક્ષકારો વચ્ચે થયેલ સમાધાનને ધ્યાનમાં લેતા આથી '**મંજુર**' કરવામાં આવે છે.

**2.** પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ધ્યાને લેતા એવો હુકમ કરવામાં આવે છે કે, **ખેરાલુના મે. એડીશનલ ચીફ જ્યુ. મેજી. શ્રી. આર. વી. સોની સાહેબશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૬૭૮/૨૦૨૪** ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ–૧૩૮ મુજબના કામે તારીખ**–૧૩/૦૮/૨૦૨૫** ના રોજ **આંક–૨૨** થી કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** અરજદાર/આરોપીના જામીન તથા જામીનખત રદ કરવામા આવે છે.

**4.** અરજદાર/આરોપીએ જો કોઈ દંડની રકમ ભરેલ હોય તો તે અરજદાર/આરોપીને પરત ચુકવી આપવી.

**5.** અપીલના કામે અરજદાર/આરોપીને જમા કરાવેલ રકમ અરજદાર/આરોપીને અથવા તે જેને કહે તેને પરત આપવી.

**6.** હુકમની એક નકલ સાથે **ક્રિમીનલ કેસ નંબર– ૬૭૮/૨૦૨૪** નું અસલ રેકર્ડ જો આવેલ હોય તો પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટને સત્વરે મોકલી આપવુ.

હુકમ આજ તારીખ–૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬ (નાશીર સૈયદુલ્લા સિદ્દીકી)

વિસનગર એડિશ્નલ સેશન્સ જજ, વિસનગર

(JUDGE CODE GJ00650)